દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬

# ગ્રીનલેન્ડ માટે ટ્રમ્પના ધમપછાડા સામે યુરોપિયન દેશોમાં રોષ ધુંધવાઈ રહ્યો છે

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ડેનમાર્ક પાસેથી ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાના ધમપછાડા શરૂ કર્યા છે તેના પગલે અમેરિકાના જ સાથી દેશો ગણાતા યુરોપિયન દેશોમાં સખત નારાજગી ફેલાઇ ગઇ છે. આમ તો ગ્રીનલેન્ડને પોતાના કબજામાં લેવાની ઇચ્છા અમેરિકા અગાઉ પણ વ્યક્ત કરી ચુક્યુ છે. પરંતુ હાલના પ્રમુખ ટ્રમ્પે તો ગ્રીનલેન્ડ કબજે કરવા માટે રીતસર દાદાગીરી જ શરૂ કરી દીધી છે. ગ્રીનલેન્ડ અને ડેનમાર્કના લોકોએ અમેરિકાની આ દાદાગીરી સામે રેલીઓ કાઢી અને ગ્રીનલેન્ડને સહિયારો આપવા કેટલાક યુરોપિયન દેશોએ પોતાની સૈનિક ટુકડીઓ પણ ગ્રીનલેન્ડ મોકલી. ગ્રીનલેન્ડના આકાશ પર ડેનમાર્ક અને ફ્રાન્સના લશ્કરી વિમાનોએ ક્વાયત પણ કરી. આના પછી વધુ ભૂંરાટા થયેલા ટ્રમ્પે ગ્રીનલેન્ડ મુદ્દે અમેરિકાનો વિરોધ કરનાર યુકે, ફ્રાન્સ, ડેન્માર્ક સહિત આઠ યુરોપિયન દેશો પર દસ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે અને જો ગ્રીનલેન્ડનો સોદો નહી થાય તો જૂનમાં આ ટેરિફને વધારીને ૨૫ ટકા કરવાની પણ ધમકી આપી છે. તેમની આ ચેષ્ટાને અમેરિકાના ખાસ સાથી દેશો બ્રિટન અને ફ્રાન્સના વડાઓએ વાજબી રીતે જ વખોડી નાખી છે.

સૌથી નોંધપાત્ર ઘટનાક્રમમાં યુરોપિયન દેશો પર આ નવા ટેરિફના વિરોધમાં યુરોપિયન સંસદે સીમાચિહ્નરૂપ ટ્રાન્સએટલાન્ટિક વેપાર કરાર પર રોક લગાવી દીધી છે. આ પગલાથી ગયા વર્ષે થયેલી ટ્રાન્સએટલાન્ટિક સમજૂતીના ભવિષ્ય પર શંકાના વાદળો છવાયા છે. જુલાઈમાં ટ્રમ્પ અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન દ્વારા હસ્તાક્ષર કરાયેલ યુએસ-EU કરારનો હેતુ વેપાર સંબંધોને સ્થિર કરવાનો હતો. આ યોજના હેઠળ અમેરિકા યુરોપિયન માલ પરના ટેરિફ 15 ટકા પર મર્યાદિત રાખવાનું હતું અને બદલામાં યુરોપ અમેરિકન નિકાસ પરની ડ્યુટી ઘટાડવાનું હતું.

આ કરારને યુરોપિયન સંસદ મંજૂર કરે તે જરૂરી હતું પરંતુ વોશિંગ્ટને ગ્રીનલેન્ડ મુદ્દે યુરોપ પર દબાણ વધારતા આ પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે. ટ્રમ્પે આ અઠવાડિયે આર્કટિક ટાપુ પર સૈનિકોની નાની ટુકડી મોકલનારા યુરોપિયન રાષ્ટ્રો પર વધારાના 10 ટકા ટેરિફની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આ ટેરિફ 1 જૂનથી વધીને 25 ટકા થઈ જશે અને જ્યાં સુધી ગ્રીનલેન્ડની સંપૂર્ણ ખરીદી માટે સોદો ન થાય ત્યાં સુધી લાગુ રહેશે. આ પ્રક્રિયામાં સામેલ સિગફ્રાઈડ મ્યુરેશને જણાવ્યું કે સંબંધો બગડ્યા તે પહેલાં કરાર પર મતદાન ખૂબ નજીક હતું. જુલાઈમાં થયેલી સમજૂતી અમેરિકન આયાત પરના EU ટેરિફને શૂન્ય કરવા માટે બનાવવામાં આવી હતી. આ કરાર મંજૂર જ થઇ ગયો હોત, પણ ટ્રમ્પે ઉભા કરેલા ડીંડવાણાને કારણે હવે આ કરારના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ ઉભો થઇ ગયો છે.

અન્ય નેતાઓએ યુરોપિયન યુનિયનના વડામથક બ્રસેલ્સને વળતો પ્રહાર કરવાની તૈયારી કરવા વિનંતી કરી છે. 'રિન્યુ યુરોપ'ના વેપાર સંયોજક કરીન કાર્લ્સબ્રોએ જણાવ્યું હતું કે સંસદ કરારને મંજૂરી આપશે નહીં અને બ્લોકે સંઘર્ષ માટે તૈયાર રહેવું જોઈએ. તેમણે જણાવ્યું, EU એ ટ્રમ્પના ટેરિફ હુમલાઓનો જવાબ આપવા તૈયાર રહેવું જોઈએ, જેમાં સ્વીડનને નિશાન બનાવતા હુમલાઓ પણ સામેલ છે. જો દબાણ અને બળજબરી ચાલુ રહેશે તો અમે વળતા ટેરિફ અથવા 'બાઝૂકા'ના ઉપયોગને નકારી શકીએ નહીં એમ તેમણે કહ્યું. ઔપચારિક રીતે 'એન્ટી-કોર્સન ઇન્સ્ટ્રુમેન્ટ' તરીકે ઓળખાતી આ પદ્ધતિ EU ને તેવા દેશો સામે રોકાણ, જાહેર પ્રાપ્તિ અને બૌદ્ધિક સંપદાના રક્ષણ પર નિયંત્રણો લાદવાની મંજૂરી આપે છે જે વેપાર દ્વારા બ્લોક પર દબાણ લાવવાનો પ્રયાસ કરે છે. યુરોપમાં અમેરિકા સામે રોષ ધુંધવાઇ રહ્યો છે અને હવે કેવા ઘટનાક્રમો સર્જાય તે જોવાનું રહે છે.

## ભૂલો ભાડે લો

એક શહેરના એકદમ વ્યસ્ત ચોક પર એક વૃદ્ધ દાદા એક ખુરશી પર થેલો લઈને બેસતા અને તેમની નજીક એક બોર્ડ હતું જેની પર લખ્યું હતું ' અહીં ભૂલો ભાડે મળશે ' આવું વિચિત્ર વાક્ય વાંચીને લોકો તેમને પાગલ સમજતા ,તેમની મજાક ઉડાડતા...હસતા અને આગળ વધી જતા.

એક દિવસ એક યુવાનની કાર ત્યાં સિગ્નલ પર ઉભી હતી અને તેની નજર આ દાદાએ લખેલા બોર્ડ પર પડી.તેને થયું આ ભૂલો ભાડે આપવાની વાળી કઈ સ્કીમ છે લાવ જાણવા દે.

યુવાન કારમાંથી ઉતર્યો અને દાદા પાસે ગયો અને મજાકમાં કહ્યું, 'દાદા મારે ભૂલો ભાડે લેવી છે શું તમે કોઈ શાનદાર ભૂલ બતાવશો.' દાદાએ તેને તેનું નામ ,ઉંમર ,કામ, ઈચ્છાઓ વિષે થોડા પ્રશ્નો પૂછ્યા યુવાને જવાબ આપ્યા કે વિજય નામ છે ,૩૫ વર્ષની ઉંમર છે, સારી નોકરી છે પણ ઘણાબધા પૈસા કમાવાની ઈચ્છા છે.'

પછી દાદાએ એક ડાયરી કાઢી અને કહ્યું, 'પાના નંબર ૩૨ની વાત વાંચી લે.આ પાના પર એક મહત્વાકાંક્ષી યુવાનની વાત હતી જેણે જલ્દી પૈસા કમાવાની લાલચમાં બે મહિનામાં એક ના ડબલ કરવાની સ્કીમ આપતી કંપનીમાં પોતાના બધા પૈસા લગાવી દીધા અને બધા પૈસા ગુમાવ્યા.'

આ વાત વાંચ્યા બાદ યુવકને લાગ્યું પોતે પણ કૈંક આવી જ સ્કીમમાં પૈસા લગાડવાનું વિચારી રહ્યો હતો તેનાથી રહેવાયું નહિ તે તરત બોલ્યો, 'દાદા, હું આવી જ એક કંપનીની સ્કીમમાં પૈસા લગાડવાનું વિચારી રહ્યો હતો.તમે બચાવી લીધો હવે નહિ લગાડું.' યુવાને દાદાને પૂછ્યું, 'દાદા, આ ભૂલનું ભાડું કેટલું?' દાદાએ કહ્યું, 'મેં કોઈ ફિક્સ ભાડું રાખ્યું નથી જેને જેવી ભૂલ લેવી હોય તેવું ભાડું પોતે જ સમજીને આપે.' યુવાને દાદાને અમુક પૈસા આપ્યા અને પછી પૂછ્યું, 'દાદા, આવો ભૂલો ભાડે આપવાનો વિચાર તમને કઈ રીતે આવ્યો?'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

દાદાએ કહ્યું, 'યુવાન, હું માનસશાસ્ત્રી છું.એટલું જાણું છું કે બધા જ જીવનમાં ભૂલો તો કરે જ છે.પણ પોતાની ભૂલો પરથી શીખવામાં ક્યારેક આખી જિંદગી નીકળી જાય છે ક્યારેક જિંદગી બગડી નાખે તેવી ભૂલ થઈ જાય છે.પણ જો આપને બીજાના જીવનની ભૂલો પર ધ્યાન આપીએ અને શીખી લઈએ તો જીવનમાં ઘણું શીખી શકીએ છીએ.

મારી પાસે આવતા લોકોની વાતો ,બીજાની સાંભળેલી વાતો, વાંચેલી વાતોનો મારી પાસે ભંડાર છે તેમાંથી હાર અને નિષ્ફળતા ભરેલી વાતો ,ભૂલોની વાતો મેં અલગ તારવી છે.જેના પરથી કોઇપણ તે અનુભવમાંથી પસાર થયા વિના જીવનનો પાઠ શીખી શકે છે એટલે હું લખું છું ભૂલો ભાડે લો એટલે કે બીજાની ભૂલમાંથી શીખી લો.' યુવાન બોલ્યો, ' એટલે દાદા તમે તો જીવનના અનુભવો વેચો છો જેથી મારા જેવા યુવાનો બીજાની ભૂલોમાંથી શીખી લે અને પોતે તેવી ભૂલો કરવામાંથી બચી જાય.' દાદા ડાયરી પોતાના થેલા મુકતા હસ્યા.

બુદ્ધિમાની પોતે ઠોકર ખાઈને પડીને, ઉભા થઈને બીજે રસ્તે જવા કરતા કરતા બીજાએ ખાધેલી ઠોકરોમાંથી સમજીને રસ્તો બદલવામાં છે.

# ષડ્યંત્ર દ્વારા સ્ત્રીઓનું શોષણ એ આપણી રાષ્ટ્રીય સમસ્યા બનતી જાય છે?

## શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

મર્દાની, ગજીની, મનોરમા સિક્સ ફીટ અન્ડર... આ બધી હિન્દી ફિલ્મોમાં સમાનતા શું છે? આ ફિલ્મોનો મુખ્ય મુદ્દો છે ષડયંત્ર રચીને યુવતીઓ, નાની છોકરીઓને ફસાવતાં સ્થાપિત હિતો સામે લડત આપવી તેમને ખુલ્લા પાડવા. આ ફિલ્મોમાં દર્શાવાયું છે કે આપણા રાજનેતાઓ, ધનિકો, સીન્ડીકેટ રચીને કામ કરનારો કેવી રીતે નાનીનાની છોકરીઓને ફસાવે છે. તેમનો વેપાર કરે છે અને આ સેક્સકાંડ કરનારાનાં મૂળિયાં કેટલાં ઊંડાં હોય છે?

ભારતીય ફિલ્મોની અનેક મર્યાદા છે. આમ છતાં આપણી ફિલ્મોનું એક જમા પાસું એ પણ છે કે તે સમાજને તેનો આયનો બતાવે છે. અત્યંત બરછટ અને જાડું નિરૂપણ હોય પણ એ હોય છે લગભગ વાસ્તવિકતાની નજીક. ફિલ્મો સમાજની સમસ્યાઓનું નિરૂપણ કરે છે અને આપણને ચેતવે છે માટે જ જ્યારે ફિલ્મોમાં ઉપરાઉપરી એ દર્શાવ્યું કે ભારતમાં હવે છોકરીઓનો વેપાર થાય છે. તેમની ફિલ્મો ઊતારી તેમનું વારંવાર શોષણ થાય છે ત્યારે આપણે વિચારવું જોઈએ કે આ ફિલ્મોના આઈનામાં દેખાય છે તે આપણો જ ચહેરો છે તે આ સમાજની જ સમ્સ્યા છે.

શરૂઆતના સમયમાં દેશમાં સંગ્રહખોરી અને કાળાબજારની મોટી સમસ્યા હતી તો ફિલ્મોમાં અનાજ અને રોજિંદી ચીજોની સંગ્રહખોરી કરતાં વિલન હતા. પછી સોનાની દાણચોરી મોટી સમસ્યા બની તો ખલનાયકો તેમાં કામ કરતા બતાવ્યા. પછી ભાઈગીરીની ફિલ્મો આવી અને હવે આ છોકરીઓના શોષણનું ફિલ્માંકન થાય છે.

સ્ત્રીઓ પર અત્યાચાર એ માનવજાતના ઈતિહાસ જેટલો જૂનો છે. હુમલાખોર રાજાઓથી માંડીને વિલાસી રાજાઓ. લંપટ રાજનેતાઓ કે વિલાસી અધિકારીઓ કોઈ આમાં બાકી નથી. રસ્તા પરના રોમિયોથી માંડીને રખડતા ગુંડા સુધી બધાએ સ્ત્રીની એકલતાનો અને લાચારીનો લાભ લીધો છે. બળાત્કાર અને છેડતી એ વ્યક્તિગત ગુના છે અને સામુહિક બળાત્કાર એ વિકૃતિની પરાકાષ્ઠા છે પણ વીડિયો કે ફોટાના સહારે બ્લેકમેલીંગ કરી કોઈનું સતત શોષણ કરવું અને એમાંય સત્તા કે સંપત્તિના જોરે ભેગાં મળીને આ શોષણ સતત ચલાવવું એ એક સામુહિક ક્રાઈમ છે અને આ દૂષણ હવે રાષ્ટ્રવ્યાપી બનતું જાય છે. આપણે પક્ષાપક્ષીથી ઉપર ઊઠીને આ દુષ્કર્મના દૂષણને ડામવું પડશે. સત્તા અને સંપત્તિ વપરાય ત્યારે જ તેનો અર્થ સરે છે અને માટે જ સત્તા અને સંપત્તિ દેખાડો કરવા પર જોર મૂકે છે. સત્તામાં રહેલો માનસ અને સંપત્તિવાન માણસ પ્રસંગોમાં બેફામ ખર્ચા કરે છે. સમાજમાં પૈસાના જોરે દાદાગીરી કરે છે અને સત્તા અને સંપત્તિનો છેલ્લો અનુભવ થાય છે. સ્ત્રી સાથેના વ્યવહારમાં

ભારતમાં સમાજવાદી સમાજરચના હતી અને વસ્તુવાદ ના હતો ત્યારે સ્ત્રીઓ પર તો અત્યાચાર હતા જ પણ જ્યારથી બજારવાદ આવ્યો છે, વસ્તુવાદ આવ્યો છે, ખુલ્લાપણું વધ્યું છે ત્યારથી સ્ત્રીઓ સાવ જ વસ્તુ બનાવી દેવાઈ છે. એક તરફ ફિલ્મો ટી.વી. સીરીયલમાં સંબંધોનું રૂપ અને નિરૂપણ બદલાયું છે. મોબાઈલે વ્યક્તિની અંગતતા ખતમ કરી નાખી છે અને બીજી બાજુ સમાજ હજુ રૂઢિઓ અને પરમ્પરાઓના દેખાડામાંથી બહાર આવતો નથી એટલે રાતોરાત રૂપિયા આવી ગયા પછી માણસને ગાડી મળે છે, સ્માર્ટફોન મળે છે, આલીશાન બંગલા મળે છે પણ સ્ત્રી..? એ તો બંધિયાર સમાજમાં સીધેસીધું શક્ય જ નથી. પુરુષપ્રધાન વ્યવસ્થામાં પુરુષને બધું જ મળે તો પણ તેને સ્ત્રીને કાબૂ કરવા ના મળે તો માનસિક રીતે તે નાસીપાસ થાય છે. આનાથી ઉલટું સ્ત્રીઓ પર કાબૂ એ મોટા ભાગના પુરુષોને વિજયનો આનંદ આપે છે એટલે ભોગવાદી સંસ્કૃતિના આ નવા દાયકામાં હવે આ નવું દૂષણ ઊભું થયું છે. જો કે સત્તામાં રહેલી અને સંપત્તિવાન બનેલી સ્ત્રીઓ કદી પુરુષોનું આવું શોષણ નથી કરતી. એ નાના છોકરાને અડપલાં નથી કરતી. ઘેર બોલાવી હેરાન નથી કરતી. એક સ્ત્રી જેનું શોષણ કરે તેને વારાફરતી અનેક સ્ત્રીઓ પાસે ફરજીયાત મોકલવામાં નથી આવતો એટલે આ દૂષણ માનવસહજ નથી. બધા જ માણસને તે લાગુ નથી પડતું.

થોડાં વર્ષો પહેલાં જલગાંવ સેક્સ કાંડ આવ્યો હતો. પછી નલિયા દુષ્કર્મ મામલો ચર્ચામાં રહ્યો. હવે દિલ્હીમાં દીકરીઓ દેખાવો કરી રહી છે. છેલ્લા સમાચાર મુજબ સુપ્રીમ કોર્ટને પ્રશ્ન કરવો પડ્યો છે કે પોલીસે ફરિયાદ કેમ દાખલ ના કરી? એક તરફ નાના ટ્વિટથી રાતોરાત ફરિયાદ નોંધાઈ જાય અને ધારાસભ્ય કે સંસદસભ્યની ધરપકડ થઈ જાય, બીજી બાજુ બળાત્કાર, શોષણના આરોપીઓ ખુલ્લેઆમ ફરે, તેમના વિરુદ્ધ ફરિયાદ માટે પણ કોર્ટમાં જવું પડે!

આવા બીજા પણ ઘણા કિસ્સા છે, જે બળાત્કાર અને અપહરણ કે છેડતીથી જુદા છે. પૈસાદાર લોકો રાજકારણીઓ ભેગા મળીને જયારે આ દુષ્કર્મ આચરે છે ત્યારે બધા જ બેફિકર હોય છે કે આપણને કંઈ થવાનું નથી. આવું તેઓ એટલા માટે વિચારે છે કારણ કે અહીં એકને સજા કરવા જતાં બધાં જ સપડાવાનાં હોય છે. માટે સત્તાનું તંત્ર આપોઆપ ઘટનાને દબાવવા લાગી જાય છે. જેમ કોમી તોફાનોમાં થતી હત્યા ટોળાના નામે હોય છે એમ અહીં સહુની ભાગીદારી હોવાથી સૌ તાકાત લગાવે છે અને પીડિત તો આ તાકાત સામે ક્યાંથી લડે? એટલી તાકાત હોત તો તો એનું શોષણ જ ના થયું હોત. આવા કિસ્સામાં સત્તાની સામે સત્તાએ પડવું પડે અને સંપત્તિની સામે સંપત્તિએ પડવું પડે. એટલે એક પક્ષનાં લોકો ગુનામાં સંડોવાયાં હોય તો બીજા પક્ષની ફરજ છે કે એ આ પીડિતની પડખે ઊભો રહે. આવા કિસ્સા ભાજપ અને કોન્ગ્રેસની નજરથી ના જોવાય. જો કિસ્સો બન્યો હોય તો એમાં સંડોવાયેલ લોકો પર કડક કાર્યવાહી થવી જોઈએ અને એવાં લોકો જે પક્ષ સાથે જોડાયાં હોય એ પક્ષની જ ફરજ છે કે આરોપીઓને રાજકીય રક્ષણમાંથી અલગ કરે.

દિલ્હીમાં હાલ જે બની રહ્યું છે તે સભ્ય સમાજ માટે શરમજનક છે. એક તો આપણા સમાજમાં દીકરીઓને રમતગમત, શિક્ષણમાં આગળ જવા દેવામાં આવતી નથી. તેનું જાહેર જીવન આમ પણ પુરુષપ્રધાન નિયમોથી બંધાયેલું હોય છે તેમાં આવા કિસ્સા બને તો ક્યાં મા બાપ દીકરીઓને રમતગમતમાં એકલી આગળ જવા દેશે?

એક સમયે ગુજરાતમાં બહેનોને અભય વચન આપનાર વડા પ્રધાન શ્રી માનનીય મોદી સાહેબે જાતે આવા કાંડની તપાસ પર દેખરેખ રાખવી જોઈએ. આ બાબત દબાવી દેવામાં સત્તા ના વપરાય તે નિશ્ચિત કરવું જોઈએ. સ્ત્રીઓના શોષણના મામલે હવે સ્ત્રીઓએ પણ જાગૃત થવાનું છે અને ખાસ તો એ કે રાજકારણમાં અને સમાજમાં આગેવાન સ્થાનો પર બેઠેલી સ્ત્રીઓએ આવા મામલે આગળ આવવું જોઈએ.

અર્થવ્યવસ્થાના સ્વરૂપ પરિવર્તન સાથે સામાજિક પરિવર્તનના આ દોરમાં દુર્ગુણો પણ બદલાઈ રહ્યા છે. આ નવા દુર્ગુણને નાથવાની રાજકીય ઈચ્છાશક્તિ અને સામાજિક નિસ્બત નહિ જાગે તો કાંડ પર કાંડ થતાં જ રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# અહીં કોણ ભલાને પૂછે છે..!

## મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**સૂરજ આથમી જાય તો પતંગની શું વિસાત? સમય સમયની બાદશાહી છે મામૂ..! પતંગનો દાસ બનેલો ખેલૈયો ઉદાસ બનીને પછી ગણગણવા માંડે કે, "ના કોઈ ઉમંગ હૈ, ના કોઈ તરંગ હૈ, મેરી જિંદગી હૈ ક્યા. ઈક કટી પતંગ હૈ..!"**

સમય-સમયની હાલાત ઉપર બધું છે મામૂ..! જગત પણ હવે જાણકાર છે કે, અહીં તો ઊગતા સૂરજને પૂજનારની બોલબાલા છે, એમ ચગતા પતંગની જ બોલબાલા છે..! હાઆઆશ...! ઉત્તરાયણ પૂરી થઈ..! ખૂંટે બંધાયેલા માણસને બદલો લેવાનું ફાવે પણ બદલાવાનું ભલે નહિ પણ સૂરજદાદા મકર રાશિમાં વહી ગયા ને માણસે મનોરંજન માટે પતંગ-યુદ્ધના ખેલ કર્યા. કેટલાક પતંગો ચગ્યા, કેટલાક લુંટાયા, કેટલાક કપાયા, કેટલાકે ફાટીને અસ્તિત્વ ગુમાવ્યું, કેટલાક ધરતી ઉપર 'લેન્ડીંગ' થઈ ગયા. કેટલાક પતંગ કુંવારા જ પડી રહ્યા, છેડા-ગાંઠી પણ નહિ થઈ. અમુક તો સરનામું પણ ખોઈ બેઠા કે, હું કોનો હતો, કેવો હતો ને કેવો ખંખેરાઈ ગયો..? ..! કેટલાકે આત્મહત્યા કરી, તો કેટલાક પવનના સપાટામાં વિંખાઈને કાગળિયા બની ગયા. ઘણાએ ટાંકી ઉપર, વીજળીના તાર ઉપર કે ઝાડવા ઉપર શરણાગતિ સ્વીકારી. ઘણા મૃત્યુદંડની રાહ જોતા હોય એમ બેબસ છે. પોતાની સંગિની ફીરકીને પણ પામી નહિ શક્યા. કેટલીક દોરીઓ વિધવા બની તો કેટલીક પતંગ સાથે સતી થઈ ગઈ. એસા ભી હોતા હે દાદૂ..! અમુક તો પાટું ખાધા પછી ભાનમાં આવ્યા કે, પંજાનો સહવાસ જ શ્રેષ્ઠ હતો. આકાશને આંબવાની જીદ નહિ કરાય. પણ અબ ક્યા..? જબ ચીડિયા ચુગ ગઈ ખેત..! જીના ઉસીકા નામ હૈ..!

પતંગને પણ માણસ ઉપરથી વિશ્વાસ ઊઠી જાય એનું નામ પતંગોત્સવ..! દરેકને આંધળી આશા હોય કે, મારો પતંગ જ ઊંચી છલાંગ લગાવે. દરેકને પોતાનો પતંગ 'હીરો' લાગે, કામ ભલે 'ખલનાયક'નું લે. નિર્દોષ પતંગને ખબર નથી કે, આ બધું, ચગતું હોય ત્યાં સુધી સરસ-સરસ લાગે. પટકાય ત્યારે જ સમજાય કે ભેખડમાં ભરાયો છે..! સૂરજ જેવો સૂરજ આથમી જાય તો પતંગની શું વિસાત? સમય સમયની બાદશાહી છે મામૂ..! પતંગનો દાસ બનેલો ખેલૈયો ઉદાસ બનીને પછી ગણગણવા માંડે કે, "ના કોઈ ઉમંગ હૈ, ના કોઈ તરંગ હૈ, મેરી જિંદગી હૈ ક્યા. ઈક કટી પતંગ હૈ..!" જેવી ઉત્તરાયણ જાય, એટલે ઊંચે જોવાની દૃષ્ટિ વિલીન થઈ જાય. આકાશની હાલત વિધુર જેવી બની જાય. નિસાસા નાંખવા માંડે કે, 'અહીં કોણ ભલાને પૂછે છે, અહીં કોણ બૂરાને પૂછે છે, મતલબથી બધાને નિસ્બત છે અહીં, કોણ ખરાને પૂછે છે..!

મેળા તો ઘણા ભરાય, પણ ઉત્તરાયણ એટલે આકાશી મેળો. પતંગનો મેળો. ધાબા અને મેદાનનો મેળો. ધરતીના મેળામાં મોજ મઝા ને મસ્તી હોય ને આકાશના મેળામાં પતંગિયાની માફક રંગબેરંગી પતંગના ઝમેલા હોય, મેળાઓ અટકતા નથી. પછી એ ધરતીના હોય કે, આકાશના..! મેળાની તો મસ્તી જ અલગ. પતંગ મદારીનું માંકડું બની જાય..! કોનો પતંગ કેવો ચગે, કેવી ગુલાંટ ખાય, એ જોવાની મઝા એટલે ઉત્તરાયણ..! મંદિરના મેળા પૂરા થાય પછી, મેળાનો માણનાર વ્યાધિ કરતો નથી કે, ભગવાન હવે મંદિરમાં એકલા શું કરશે? એમ મકરસક્રાંતિ પૂરી થાય ને પતંગ-યુદ્ધ છોડીને પતંગો હેઠા આવી જાય, પછી વિચારતા નથી કે, આકાશ હવે શું કરશે..? રમતા બાળક પાસેથી રમકડાં ઝૂંટવી લીધા હોય એમ આકાશ પણ નવરું બની જાય..! આકાશ સાથેનું 'વાઈ-ફાઈ' છૂટી જાય. મંદિરના મેળા ભરાય ત્યારે, ભગવાનને આરામ નહિ ને પતંગના મેળા ભરાય ત્યારે પવનને આરામ નહિ..! પવન ફૂંકાયો તો ઠીક, નહિ તો એ પણ ગાળ સાંભળે..!

ઉત્તરાયણ પછીના દિવસ એટલે, આકાશ-પવન-પતંગ-દોરી બધું જ 'ધણી વગરના ઢોર' જેવું થાય. લગ્ન પત્યા પછી જેમ માંડવા છૂટવા માંડે એમ, સઘળો ઉત્સાહ ઓસરવા માંડે. ધાબા વેરાન થવા માંડે. ધાબાની દીવાલ ફોડીને પીપળા ફરી જમાવટ કરવા માંડે. પતંગ-યુદ્ધ માટે વપરાયેલાં મેદાનો કુરુક્ષેત્રનાં મેદાન લાગવા માંડે. મેદાનો ઉપર ગૌધન જમાવટ કરવા માંડે. પક્ષીઓ પોતપોતાના માળા ગોતવા માંડે. તૂટેલી ફીરકીઓ, પતંગનાં પૂંછડાંઓ ભાંગી કઢાવેલી કમ્મરવાળા ઘાયલ પતંગો અને દોરીઓના ગૂંચળાઓ જેવા અવશેષ, પતંગયુદ્ધનાં મેદાનમાં દિશાહીન બનીને પડ્યા હોય..! ધાર્મિક મેળામાં પણ આવી જ દુર્દશા..! જ્યાં ત્યાં બાફેલી સિંગનાં છોતરાં, તેલવાળા ભુસાના કાગળો, તૂટેલી ચકરડી ને બીડી-સિગારેટનાં ઠૂંઠાઓ વગેરે, ઘાયલ સૈનિકોની માફક, મેદાનમાં ચીસ પાડતા દેખાય..! કોડીલી કન્યાના માથે ચઢેલી વેણી મેદાનમાં દમ તોડતી દેખાય. 'તેરા તેલ ગયા મેરા ખેલ ગયા' જેવો ઉદાસીન માહોલ હોય.! આવું ભયાવહ દૃશ્ય જોઈને દિમાગમાં ભડકો થાય કે, સાલું, બધું જ ક્ષણભંગુર છે. ઉકલી ગયેલા કે, કણસતા પતંગના દરેક અવશેષો મોંઢું વકાસીને કહેતા હોય કે, અહંકાર બૂરી ચીજ હૈ દાદૂ..!

કક્કો ગોખાવતા હોય એમ પૂર્વજો કહેતા કે, 'બહુ ચાલે તે થોડા માટે..!'(ચાલે કે ચગે બધું એક જ હંઅઅકે..?) આ માત્ર કહેતી નથી, જીવનનું પ્રતિબિંબ છે. ધર્મગ્રંથોએ પણ પુષ્ટિ આપેલી કે, મર્યાદામાં રહેવું, મર્યાદામાં બોલવું, મર્યાદા રાખીને વાણી, વર્તન અને વ્યવહારના આટાપાટા રમવાના, પણ એની જાતને સમજે કોણ..?

ટૂંકા જુતામાં લાંબો પગ નાંખે, એટલે ડંખે તો ખરો ને..! માણસ પણ ચાલ બદલી નાંખે..! સંતો તો બરાડા પાડીને કહે કે, ગીતાનું વાચન કરો..! પણ ગીતા જેવી ગીતા મૃત્ય પછી વંચાય તો ધર્મગ્રંથમાં કોણ ડોકું નાંખે..?. દુનિયાનો દસ્તુર છે કે, ચાર જણા ત્યારે જ સીધા ચાલે, જ્યારે પાંચમો કાંધ ઉપર નિષ્પ્રાણ બનીને સૂતો હોય..? તંઈઈઈઈઈ..?

**લાસ્ટ બોલ**

આ ઉત્તરાયણમાં ચમનિયાએ
પોતાના પતંગમાં એની વાઈફ
ચંચીનો ફોટો વળગાવેલો.
કેમ? પતંગ જલ્દી ચગે એ
માટે..?
ના રે ના.! વાઈફને આંગળીથી
નચાવવાનો આનંદ લેવા માટે..!
તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ગઈ કાલને ભૂલી જા અને આજમાં પ્રવેશ કર

ગૌતમ બુદ્ધ એક ગામમાં ઉપદેશ આપી રહ્યા હતા. તેમણે કહ્યું કે દરેક વ્યક્તિએ ધરતી માતાની જેમ સહનશીલ બનવું જોઈએ અને માફી માંગવામાં સંકોચ ન રાખવો જોઈએ. ગુસ્સો એવી આગ છે, જેમાં ક્રોધ કરનાર બીજાને તો બાળે જ છે, પરંતુ તેની સાથે પોતે પણ બળે છે. સભામાં બેઠેલ એક વ્યક્તિ આ વાત સાંભળીને ગુસ્સે થઈને બુદ્ધને બોલવા લાગ્યો કે તું ઢોંગી છે, મોટી-મોટી વાતો કરીને લોકોને મૂંઝવે છે. તારી આવી વાતોનો આજના સમયમાં કોઇ અર્થ જ નથી. પેલા ગુસ્સાવાળી વ્યક્તિની આવી વાત સાંભળીને બુદ્ધે કોઇ પ્રતિક્રિયા આપી નહિ અને દુઃખી પણ થયા નહિ. આથી તે વ્યક્તિ વધારે ગુસ્સે થઈને બુદ્ધના મોઢા પર થૂંકીને જતો રહ્યો. બીજે દિવસે પોતાના આવા ખરાબ વર્તનને કારણે પેલી વ્યક્તિને ખૂબ પસ્તાવો થયો. તે બુદ્ધને મળવા પેલા સભાસ્થળ આગળ ગયો પણ બુદ્ધ તો તેમના શિષ્યો સાથે બીજા નગરમાં ચાલ્યા ગયા હતા. પેલી વ્યક્તિ શોધતાં શોધતાં બુદ્ધ પાસે પહોંચી ગયો અને બુદ્ધના પગમાં પડીને માફી માગવા લાગ્યો. બુદ્ધે કહ્યું કે તને તારી ભૂલ બદલ પસ્તાવો થાય છે. માટે હવે તું નિર્મળ થઇ ગયો છે. ગઇ કાલને ભૂલી જા અને આજમાં પ્રવેશ કર. તે વ્યક્તિનો બધો ભાર ઊતરી ગયો. તે બુદ્ધનો શિષ્ય થઇ ગયો અને તેના જીવનમાં સદાયને માટે સત્ય, પ્રેમ અને કરુણાનો ભાવ વહેવા લાગ્યો.

**યુ.એસ.એ- ડૉ. કિરીટ એન. ડુમસિયા**

## મહત્ત્વનો માણસ છે, મૂર્તિ નહીં!

હમણાં વર્તમાનપત્રમાં સૃષ્ટિના કર્તાહર્તા કહેવાતા ભગવાનને પણ માનવીની માફક ઠંડી સામે રક્ષણ મળી રહે એ માટે આ ભગવાનની મૂર્તિઓને વધારાના વાઘા પહેરાવેલ ફોટા પ્રગટ થયેલ જોતાં વિચાર આવ્યો કે આ મૂર્તિ સ્વરૂપ ભગવાનને પણ ઠંડી લાગે? ઠંડી કોને લાગે માણસને કે મૂર્તિને? અલબત્ત જગત આખામાં માનવીના અંકુશની બહાર બનતા બનાવો દ્વારા આ શક્તિનો આપણને સૌને પરિચય કે અનુભવ અવારનવાર થતો જ રહે છે. આ અદૃશ્ય શક્તિને માણસે પથ્થરની મૂર્તિમાં પરવર્તિત કરી ભગવાનનું નામ આપ્યું. આ માનવીએ રચેલ ભગવાનના આ ભૌતિક સ્વરૂપને લોકો ભજવા માંડ્યાં એટલું જ નહીં પરંતુ ભગવાનના આ સ્થૂળ સ્વરૂપ કે મૂર્તિ વિષે કોઇ ભૂલમાં પણ કાંઈક અલગ કે અજુગતું બોલે કે વાત કરે તો માનવીએ સર્જેલ આ જ મૂર્તિ સ્વરૂપ ભગવાનના મહત્ત્વને જાળવી રાખવા ઘણા ઝઘડા પણ થતા જોવા મળ્યા છે. દરેક ધર્મનાં લોકો માટે સમય જતાં મૂર્તિ મુખ્ય બનતી ગઇ અને માનવજાતને જેણે સર્જી છે એ સર્જનહાર જ ભૂલાઇ ગયો, જે સર્જનહાર માટે માનવસર્જીત દરેક ધર્મનો માણસ સરખો છે. પોતાના ધર્મમાં આસ્થા રાખતી વ્યક્તિઓ એમના ભગવાનની મૂર્તિને સુંદર વાઘા પહેરાવે એની સામે કોઇને વાંધો ન હોઇ શકે, હોવો પણ ન જોઇએ પરંતુ આ મૂર્તિ પ્રભુએ સર્જેલ માનવજાતને ધર્મ કે ન્યાત-જાતને નામે એકબીજાથી અલગ ન કરે એ આજના અત્યંત કપરા થતા જતા સમયમાં ખૂબ જ જરૂરી છે.

**પાલ, સુરત - હિતેન્દ્ર ભટ્ટ**

## મોજ કરવા મરવા સુધીની રાહ શું કામ જોવી?

સિકંદર નગરચર્યા માટે નીકળ્યા. રસ્તામાં એક ફકીર મસ્તીમાં સૂતો હતો. ફકીરે કહ્યું, ''અલ્યા ભાઈ! સાઈડ પર ઊભો રહે, તડકો આવવા દે, મને ઠંડી લ